ૐ

# શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ

માહ સુદ ૧૪, મંગળવાર

**લાઠીના પંચકલ્યાણક મહોત્સવ પ્રસંગે પ્રભુના કેવળજ્ઞાનના દિવસે સં. ૨૦૦૫, જેઠ સુદ ચોથના રોજ પરમ પૂજ્ય શ્રી સદ્‌ગુરુદેવે આપેલ વ્યાખ્યાનના રેકોર્ડિંગ રીલનો સાર.**

આજે કેવળજ્ઞાનનો મહોત્સવ દિન છે. તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન થયા પછી અનક્ષરી દિવ્યધ્વનિ આખા શરીરેથી નીકળે છે. ભગવાનને વીતરાગ સર્વજ્ઞદશા વર્તે છે તેથી તેમની વાણી અક્રમ, અનક્ષરી ને એક સમયમાં પૂરું રહસ્ય બતાવી આપે તેવી હોય છે. છદ્મસ્થ જીવને રાગ હોય છે ને જ્ઞાન અધૂરું હોય છે એટલે તેને ક્રમવાળી ને અનેક અક્ષરોવાળી વાણી હોય છે. જ્યારે ભગવાન તો પરિપૂર્ણ અભેદ થઈ ગયા છે તેથી ભગવાનને વાણીમાં ક્રમ હોઈ શકે નહિ. ભગવાન ઇચ્છા રહિત છે, વાણી વાણીના કારણે નીકળે છે.

## દિવ્યધ્વનિમાં આવેલ નવતત્ત્વનું સ્વરૂપ

દિવ્યધ્વનિમાં છ દ્રવ્યોનું તેમજ નવ તત્ત્વનું સ્વરૂપ કહેવામાં આવે છે.

જીવતત્ત્વ : બધા થઈને એક આત્મા હોય તો મારે મારું હિત કરવું છે—ધર્મ કરવો છે, એમ રહેતું નથી. મારે ધર્મ કરવો છે એમ કહેતાં તે જીવ બીજા જીવોથી જુદો છે, એમ નક્કી થાય છે.

અજીવતત્ત્વ : અજીવતત્ત્વ જગતમાં ન હોય તો અજીવની સત્તા પોતામાં ભળી જશે. વળી એકલું અજીવતત્ત્વ પણ જગતમાં નથી. જીવ અજીવથી જુદો છે ને સ્વતંત્ર છે.

પુણ્ય-પાપ, આસ્રવ, બંધ તત્ત્વો : વર્તમાનમાં બિલકુલ મલિનતા ન હોય, અહિત ન હોય તો તે ટાળવાનું રહેતું નથી ને આનંદનો અનુભવ પ્રગટ હોવો જોઈએ, પણ તેમ નથી. અહિત થઈ રહ્યું છે. માટે વર્તમાનમાં વિકાર છે, એમ નક્કી થાય છે. તેમાં ચાર પ્રકાર પડે છ—દયા-દાનના ભાવ તે પુણ્ય છે, હિંસા, જૂઠું, ચોરી તે પાપ છે, બન્ને આસ્રવ ને બંધ છે.

સંવર-નિર્જરા તત્ત્વો : વિકાર પલટીને અંશે અવિકારી દશા થતી ન હોય તો સાધકદશા હોઈ શકે નહિ. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવી શ્રદ્ધા કરી અશુદ્ધિ ટળીને શુદ્ધિ થવી અને તે શુદ્ધિમાં વૃદ્ધિ થવી તે સંવર-નિર્જરા છે.

મોક્ષતત્ત્વ : પોતાના જ્ઞાનસ્વભાવની સંપૂર્ણ શુદ્ધતા તે મોક્ષતત્ત્વ છે. વળી મોક્ષમાં પલટન ન હોય તો પરિપૂર્ણ જ્ઞાન-સુખ આદિનો અનુભવ સમયે સમયે થઈ શકે નહિ માટે ત્યાં પણ પરિપૂર્ણ શુદ્ધતા પલટન સહિત છે.

## દિવ્યધ્વનિમાં સ્વતંત્રતાના ઢંઢેરા

આ પ્રમાણે છ દ્રવ્યો અથવા નવ તત્ત્વો સ્વતંત્ર છે, તે જેમ છે તેમ કેવળજ્ઞાનમાં જણાયાં છે ને વાણી દ્વારા આવ્યા છે. દરેક આત્મા ને પરમાણુ પ્રભુ છે, પોતામાં સર્વશક્તિમાન છે. આત્માને શરીર મદદ કરે અથવા કર્મ હેરાન કરે એવો આત્મા નથી. ભગવાનની દિવ્યધ્વનિમાં સ્વતંત્રતાના ઢંઢેરા પીટાયા છે. સાડાબાર કરોડ વાજાં વાગે છે. ઇન્દ્રો કહે છે કે હે જીવો! તમારે તમારું કલ્યાણ કરવું હોય તો આ વસ્તુ સાંભળો, તે સિવાય કલ્યાણ નથી. દરેક વસ્તુ અનાદિ અનંત, અસહાયી છે. કોઈ કોઈને સહાય આપતું નથી, પોતાની ભૂલથી જીવ રખડે છે ને પોતાની ભૂલ પોતે ટાળીને પરમાત્મા પોતે થાય છે.

## આચાર્ય ભગવાન સિદ્ધદશાનું પ્રસ્થાનું મૂકે છે

તે દિવ્યધ્વનિ કુંદકુંદાચાર્ય ભગવાને આઠ દિવસ મહાવિદેહક્ષેત્રમાં સાંભળી હતી ને સાંભળીને ભરતક્ષેત્રમાં આવીને આ સમયસાર આદિની રચના કરી છે. પહેલી જ ગાથામાં સિદ્ધપદનું પ્રસ્થાનું મૂકે છે.

वंदित्तु सव्व सिद्धे धुवमचलमणोवमं गइं पत्ते ।

वोच्छामि समयपाहुडमिणमो सुयकेवलीभणियं ।।१।।

હે જીવો! અમો પણ સિદ્ધ છીએ ને તમો પણ સિદ્ધ છો. એક ગામથી બીજે ગામ જવું હોય ને વાર કવાર હોય તો પ્રસ્થાનું મૂકે છે તેમ પંચમકાળને વિષે સંપૂર્ણ મોક્ષ થઈ શકે એવી લાયકાત નથી, એટલે પંચમકાળ કવાર છે માટે પ્રસ્થાનું મૂક્યું છે.

ચેતનરૂપ અનૂપ અમૂરતિ, સિદ્ધસમાન સદા પદ મેરૌ,
મોહ મહાતમ આતમ અંગ, કિયૌ પરસંગ મહાત્તમ ઘેરૌ;
ગ્યાનકલા ઊપજી અબ મોહિ, કહૌ ગુન નાટક આગમ કેરૌ,
જાસુ પ્રસાદ સધૈ શિવ મારગ, વેગિ મિટૈ ભવ વાસ વસેરૈ.

(ઉત્થાનિકા. ગાથા ૧૧)

બનારસીદાસજી કહે છે કે ચેતનરૂપ ભગવાનને કોઈની ઉપમા આપી શકાય એમ નથી. આત્મા અમૂર્ત—સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વિનાનો છે. સિદ્ધસમાન મારો આત્મા છે. પણ મોહ અંધકારથી પોતાની જાતને ભૂલી ગયો હતો તે અજ્ઞાનદશા પર્યાયમાં છે. ત્રિકાળ સ્વભાવમાં નથી. હવે મને જ્ઞાનદશા પ્રગટ થઈ છે. વગેરે....

અહીં આચાર્ય ભગવાન કહે છે કે ભગવાનના સ્વભાવમાં ને તારા સ્વભાવમાં કાંઈ ફેર નથી. શ્રવણ કરતાં કરતાં લક્ષ કરો કે હું સિદ્ધ છું, પરિપૂર્ણ છું. એ જ લક્ષ રાખશો તો સદોષતા ટળી નિર્દોષતા પ્રગટશે. ''તું રાંકો છો ને ચોરાશીમાં રખડીશ''—એમ આચાર્ય ભગવાને કહ્યું નથી. પરસંગ છોડી અસંગ થા. જ્ઞાનાનંદનો પરિચય કરી, શ્રદ્ધા કરી, સ્થિર થા. શક્તિ અંદર પડી છે તે વ્યક્ત થશે. આ પ્રમાણે આચાર્ય ભગવાને કોલ-કરાર કરી પ્રસ્થાનું મૂક્યું છે.

## પાત્ર જીવ પોતાને સિદ્ધસમાન શક્તિએ માને છે.

આવી વાત કોને બેસે? જે પાત્ર જીવ એમ માને છે કે અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય ભગવાને પ્રગટ કર્યા તે મારામાં પણ શક્તિરૂપે છે ને મારામાં અને સિદ્ધમાં ફેર નથી એવી દ્રવ્યદ્રષ્ટિવાળા જીવને આ વાત બેસે છે. વિકાર એક સમયનો છે. મારા ત્રિકાળ સ્વભાવમાં સંસાર શોધ્યો મળે તેમ નથી. જે પોતાનો ત્રિકાળ સ્વભાવ સિદ્ધસમાન  માને છે તેને વીતરાગતા પ્રગટ થાય છે.

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.

(પ્રવચનસાર ગાથા ૮૦)

જે જીવ અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે અને તેમના સમાન હું પરિપૂર્ણ છું એમ ભાન કરે છે તે પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ અવશ્ય નાશ પામે છે. તેના રાગ-દ્વેષ ટળીને તે અવશ્ય મોક્ષદશાને પામે છે.

## પુરુષાર્થી જીવને કાળલબ્ધિ પાકી ગઈ છે

ભગવાને જેવું સ્વરૂપ જોયું તેવું કહ્યું છે. તમો બધા લાયક છો એમ પણ કહ્યું છે. અભવીની વાત જ નથી. સમવસરણમાં પણ અભવી જીવો જતા નથી. માનસ્થંભ સુધી જાય છે. સ્વભાવ તરફ વળવામાં બહારનું કોઈ કારણ નથી. પોતાના પુરુષાર્થથી જ મુક્તિ થાય છે. પુરુષાર્થ કરે તેની કાળલબ્ધિ પાકી ગઈ છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, તેની ત્રિકાળી શક્તિઓ સ્વતંત્ર ને પર્યાય સમય સમયની સત્ સ્વતંત્ર છે. જીવ વિકાર કરે તો થાય, ન કરે તો ન થાય. અજ્ઞાની કહે છે કે 'ધર્મ માટે અમારી કાળલબ્ધિ પાકી નથી' પણ ભાઈ; તારી સ્વતંત્રતા કોઈએ લૂંટી લીધી નથી. આત્મા પુરુષાર્થ વડે પોતાનું સ્વરૂપ સમજી પોતામાં ઠરે છે તે તેની કાળલબ્ધિ છે.

## આત્મા પરનો કર્તા નથી.

જીવ સ્વયંસિદ્ધ પદાર્થ છે. જીવનો કર્તા કોઈ હોય તો તે સ્વયંસિદ્ધ રહેતો નથી. માટે જીવદ્રવ્યનો કોઈ કર્તા નથી તો પછી પર્યાયનો કર્તા કોણ હોઈ શકે? પર પદાર્થ અથવા કર્મને લીધે વિકાર થાય છે—એમ માનનાર તો સ્થૂલ મિથ્યાદ્રષ્ટિ છે જ પણ વિકાર ક્ષણિક છે એમ નહીં માનતાં વિકારનો કર્તા મારો ત્રિકાળી સ્વભાવ છે ને વિકાર મારું કાર્ય છે એમ માનનાર પણ મિથ્યાદ્રષ્ટિ છે. દયાદાનાદિના ભાવો વિકાર છે. આત્મા તેનો કર્તા-ભોક્તા નથી પણ જાણનાર છે. દિવ્યધ્વનિનો ઢંઢેરો છે કે શરીર, મન, વાણીની ક્રિયામાં તારો અધિકાર નથી. એક પદાર્થ બીજાને મદદ કરતો નથી, અસર કરતો નથી. ને બીજો પદાર્થ તારી મદદ લ્યે એવો તે નમાલો નથી. એક તણખલાના બે ટુકડા કરવાની તારી તાકાત નથી. તારા અજ્ઞાનને કારણે સ્વતંત્રપણે જે રાગ-દ્વેષ તું કરે છે તે પણ તારું સ્વરૂપ નથી. તું તો જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ છો.

# ૐ ધ્વનિ ને ગણધરને નિમિત્તનૈમિત્તિક સંબંધ છે

વળી કોઈ કહે છે કે ભગવાન મહાવીર કેવળજ્ઞાન પામ્યા તે વખતે તેમને વાણી નીકળી હતી પણ તેને ઝીલનારા મનુષ્યો-ગણધરાદિ ન હતા તેથી વાણી અફળ ગઈ. તે વાત તદ્દન ખોટી છે. ભગવાનને કેવળજ્ઞાન વૈશાખ સુદ ૧૦ના થયેલ ત્યાર પછી બે માસ ને છ દિવસે—અષાડ વદ ૧ને દિવસે દિવ્યધ્વનિ નીકળી હતી. તે દિવ્યધ્વનિ વખતે ગણધરાદિ હાજર હતા. વાણી તથા ગણધરને એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. અમો પૂર્ણ પદને પામશું ને બીજા જીવો પણ પૂર્ણ પદને પામો—એવા શુભભાવમાં ભગવાનને પૂર્વે તીર્થંકર નામકર્મ બંધાયું હતું. તેના નિમિત્તે પૂર્ણપદની કહેનારી વાણી નીકળે ત્યારે તે વાણીને ઉત્કૃષ્ટ સમજનાર જીવ સભામાં હોય જ એવો મેળ છે.

૧. વાણી નીકળે છે માટે સમજનારને આવવું પડે છે—એમ નથી,

૨. સમજનાર આવેલ છે માટે વાણી નીકળે છે—એમ પણ નથી,

૩. ને વાણી નીકળી માટે આવનાર જીવ સમજી ગયો—એમ પણ નથી.

૪. પણ દરેક જીવ પોતાની લાયકાતથી સમજે છે ત્યારે વાણી નિમિત્તરૂપે હોય છે એવો સહજ નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. આ પ્રમાણે જેમ છે તેમ ન સમજે તો સમજનારની સાથેનું સંધિવાળું નિમિત્તપણું વાણીમાં છે તે અજ્ઞાની જીવ તોડી નાખે છે.

આચાર્ય ભગવાન સમયસારની પાંચમી ગાથામાં કહે છે કે ભગવાન આત્માની વાત હું મારા બધા વૈભવથી દર્શાવીશ. તેને પ્રમાણ કરજો. આદેશ કરે છે કે પ્રમાણ કરજો. તે ઉપરથી નક્કી થાય છે કે આદેશને ઝીલનારા—સમજનારા પાત્ર જીવો હોવા જોઈએ. તે ગાથામાં પણ સમજાવનાર ગુરુ ને સમજનાર શિષ્યની સંધિવાળો નિમિત્તનૈમિત્તિક સંબંધનો ધ્વનિ છે. નિમિત્તથી જીવ સમજતો નથી ને જીવ સમજે ત્યારે નિમિત્ત ન હોય એમ પણ બને નહિ.

આચાર્ય ભગવાન કહે છે કે આત્મા અખંડ જ્ઞાનસ્વરૂપ છે. શરીર ને વિકાર તે પર છે. પરથી વિભક્ત ને સ્વરૂપથી એકત્વ એવો તું છો તેની હા પાડજે. આચાર્યને ખાતરી છે કે આવું સમજનાર પાત્ર જીવો પણ છે. જ્યારે આચાર્ય ભગવાનની વાણીને તથા સમજનાર શિષ્યને મેળ છે તો પછી

ભગવાનની વાણી જે સર્વજ્ઞદશા થયા પછી પરિપૂર્ણ સ્વરૂપ એક સમયમાં બતાવતી નીકળે ત્યારે ગણધરાદિ ન હોય એમ બને જ નહિ. ગણધર ત્યારે હોય જ એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે.

## ધર્મનાં મૂળ ઊંડા છે

અહીં તો આચાર્ય ભગવાન કહે છે કે સંસાર એક જ સમયનો છે. મલિનતા ગમે તેટલી હોય તોપણ એક સમય કરતાં વિશેષ રહેતી નથી. સમયે સમયે જીવ નવી નવી અશુદ્ધતા કરે છે. પ્રવાહરૂપે અનાદિથી છે છતાં ત્રિકાળી સ્વભાવ કદીપણ અશુદ્ધ થયો નથી, તેમ જ હીન પણ થયો નથી.

આત્મા પોતાના અજ્ઞાનના કારણે રાગ-દ્વેષ કરતો હતો પણ તે ગાઢ થઈ ગયા નથી. અંદર શુદ્ધસ્વભાવ જે પડ્યો છે તેનું લક્ષ કરે તો અંદરથી નિર્મળ પર્યાય પ્રગટ થાય. તે પ્રગટ થઈ તે થઈ, પછી કદી નાશ થવાની નથી ને વિકાર પાછો આવવાનો નથી.

એ ઉપરથી નક્કી થાય છે કે <u>સંસારનાં મૂળ ઊંડા નથી, છીછરાં છે, પણ ધર્મના મૂળ ઊંડા છે.</u> કારણ કે ધર્મ પ્રગટ થયો તે ફરી નાશ પામતો નથી, ને સદાય રહે છે.

સંસારનો અંત આવી જાય છે ને મોક્ષ તો પ્રગટ થયા પછી સદાય રહે છે. તે ઉપરથી નક્કી થાય છે કે ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંતગુણો છે. ભૂતકાળ ને ભવિષ્યકાળ સરખો છે, તે માન્યતા ખોટી છે. સંસારનો અંત આવે છે ને મોક્ષ અનંતકાળ રહે છે માટે ભવિષ્યકાળ ભૂતકાળ કરતાં અનંત અનંત ગુણો છે.—આ ખાસ સિદ્ધાંત છે.

### ધર્મી જીવ પોતાના નિર્માન સ્વભાવનું બહુમાન કરે છે.

આજે તો કર્તાકર્મ અધિકારની આ ગાથામાં માનની વાત આવી છે. અજ્ઞાની જીવ બાહ્ય પદાર્થોનું માન કરી ચૈતન્યને ભૂલી જાય છે. જ્ઞાની જીવ બાહ્ય પદાર્થોનું તો માન કરતા નથી પરંતુ શુભરાગનું પણ માન કરતા નથી. પરપદાર્થો જ મારા નથી તો પછી હું કોને પરપદાર્થ આપું ને કોની પાસેથી લઉં? કારણ કે તે પરપદાર્થ આપવા લેવાની ક્રિયા મારી નથી. મારો આત્મા પોતે જ નિર્મળ પર્યાયનો કર્તા છે, નિર્મળ પર્યાય જ મારું કાર્ય છે. વીતરાગતા પ્રગટ કરી હું મને જ સંપ્રદાન કરું છું, તેનો લેનાર-દેનાર

છું, પણ બીજા સાથે મને લેવા દેવા નથી. ધર્મી જીવ ચૈતન્યસ્વભાવને જ પોતાનો માને છે ને તેનું જ બહુમાન કરે છે.

"અંતર મદ ભાવ વહાવે, તલ ત્રિભુવન નાથ કહાવે."

ધર્મી જીવ પર પદાર્થના કર્તૃત્વનું અભિમાન ગાળી નાખે છે ને નિર્માનતાનો આદર લાવી પોતાના સ્વભાવને મોટો મહિમાવંત ગણે છે. તેથી તે શુદ્ધદશાને પ્રાપ્ત કરે છે અને પરિપૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરે છે ત્યારે ત્રિભુવનનાથ કહાવે છે.

## અજ્ઞાની જીવ પરને લીધે રાગ થયો માને છે.

અજ્ઞાની જીવ માને છે કે દેવ-ગુરુ-શાસ્ત્રને જોઈને મને બહુમાન આવે છે ને દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપકારી છે માટે ભક્તિનો ભાવ આવે છે. મંદિરને લીધે શુભભાવ આવે છે. ગૌતમ ગણધરને ભગવાન મહાવીરની હયાતી હતી ત્યાં સુધી ભગવાનને લીધે રાગ હતો. ભગવાન મોક્ષ પધાર્યા એટલે ગણધરને રાગ છૂટી ગયો.

પર પદાર્થને લીધે માન આવે છે. પ્રશંસા સાંભળી માટે માન થયું વગેરે પ્રકારે અજ્ઞાની માને છે. જો પરને દેખીને રાગ થતો હોય તો રાગની ખાણ તો નિમિત્ત થઈ, તો જ્યાં સુધી પર પદાર્થો ને નિમિત્તો રહે ત્યાં સુધી રાગ તૂટે નહીં. પદાર્થો સદાકાળ છે, દેવ-ગુરુ-શાસ્ત્ર, મંદિરો સદાય છે. તેને લીધે રાગ હોય તો જીવ કદી વીતરાગ થાય નહિ. એ માન્યતા સંયોગીદ્રષ્ટિ ને રાગની ભાવનાવાળાની છે, તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે. તેને ધર્મ થતો નથી.

## રાગનું કારણ પોતાની નબળાઈ છે, એમ જ્ઞાની જાણે છે.

જ્ઞાની જીવ પરનું એટલે દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન કરતા નથી પણ પોતાના સ્વભાવનું બહુમાન આવતાં રાગની દશામાં સ્વભાવના બહુમાનનો આરોપ દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર કરે છે. પરને જોઈને અથવા પરને લીધે અથવા પરને માટે બહુમાન ધર્મી જીવ કરતો નથી. પોતે સ્વભાવમાં ઠરી ન શકે ત્યાં સુધી અલ્પ રાગ રહ્યો છે ને દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ લક્ષ જાય છે. છતાં તે જાણે છે કે રાગ મારી નબળાઈને લીધે આવ્યો છે, પરને લીધે આવ્યો નથી. તે નબળાઈના રાગનો નિષેધ વર્તે છે. રાગની ભાવના જ્ઞાનીને નથી. તે ટાળીને પૂર્ણદશા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ છે.

વળી ગૌતમને ભગવાનને લીધે રાગ હતો ને ભગવાન મોક્ષે પધાર્યા માટે રાગ તૂટ્યો, તે બધી વાત સ્થૂલ અજ્ઞાનીની છે. ગૌતમ પોતાના કારણે અસ્થિરતાના રાગમાં રોકાયેલા હતા ને પોતે પુરુષાર્થ કરી મોક્ષ પધાર્યા હતા.

આ વસ્તુ સમજ્યા વિના વ્રત, પૂજા, ભક્તિ આદિ કાર્યકારી થતાં નથી. ભગવાનની દિવ્યધ્વનિમાં આવું જ વસ્તુસ્વરૂપ આવ્યું છે. આવા સ્વભાવની શ્રદ્ધા કર્યેથી ધર્મ થાય છે, વિશેષ સ્થિરતા કરી કેવળજ્ઞાન પામે છે, ભવિષ્યમાં આ રીતે પામશે. ત્રિકાળ શાશ્વત માર્ગ આ એક જ છે.

શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ

પ્રસાદ નં ૧૬૪

# શ્રી નેમિનાથ ભગવાનનો દીક્ષાકલ્યાણક દિન

**(આમ્રવનમાં દીક્ષા પ્રવચન, ચૈત્ર સુદ-૮, રવિ, ૨૨-૩-૫૩ સવારે)**

આજે શ્રી નેમિનાથ ભગવાને દીક્ષા ધારણ કરી એમ આરોપથી કહેવાય છે. ભગવાન આત્મજ્ઞાન લઈને માતા શીવાદેવીના કૂખે આવ્યા હતા. પૂર્ણાનંદ સ્વરૂપ આત્માના નિર્વિકલ્પ અનુભવને સમ્યગ્દર્શન કહે છે. સમ્યગ્દર્શન તથા ત્રણ જ્ઞાન સહિત ભગવાન માતાની કૂખે આવ્યા હતા.

આત્મામાં ક્ષણિક પુણ્ય-પાપ થાય છે તે કૃત્રિમ છે અને દુઃખરૂપ છે. મારો સ્વભાવ અકૃત્રિમ સુખરૂપ છે, એની ભાવનાથી રાગનો નાશ થાય છે. આત્મા ત્રણે કાળે પરપદાર્થનાં ગ્રહણ-ત્યાગથી રહિત છે. રાગનો ત્યાગ કરવો એ પણ ઉપચારનું કથન છે. રાગનો નાશ કરવો પડતો નથી પણ સમ્યગ્દર્શનપૂર્વક નિર્વિકલ્પ આત્માની ભાવના કરતાં રાગનો નાશ થાય છે. ભાવના તો સંવરનો ભેદ છે, માટે તે સમ્યગ્દર્શન વિના હોય નહીં.

શ્રી કુંદકુંદાચાર્ય સમયસારની ગાથા ૬માં કહે છે કે અમે આત્મા છીએ. એમાં પ્રમત્ત-અપ્રમત્તની જે અવસ્થા થાય છે તે હું નહિ, ચિદાનંદ ઘન હું છું એનો અનુભવ કરતા હતા એમાં અનિત્યભાવના કરે છે. નિત્યની દ્રષ્ટિપૂર્વક જે અંતરમાં રાગની નાસ્તિ થાય છે તેને ભાવના કહે છે. એ અનિત્યાદિ ભાવના તીર્થંકરે ભાવી હતી આત્મા મને શરણ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ ખરેખર શરણભૂત નથી, રાગ શરણ નથી. આત્મા અનંત સુખરૂપે છે તેમાંથી વ્યક્તિ થાય છે તે જ મને શરણભૂત છે. પરદ્રવ્ય શરણભૂત નથી. એનું નામ અશરણભાવના છે.

આત્માની ભાવના ભાવનારને બહારમાં ઉપસર્ગ આદિ હોય તો એનું લક્ષ હોતું નથી. તેનું જ્ઞાન થાય છે પણ એ મને પ્રતિકૂળ છે, એવો ભાવ હોતો નથી. તીર્થંકર ભગવાન આનંદની ખુમારી ઉડાવતા હતા. તેમને ચિદાનંદના ડુંગરામાંથી આનંદના ઝરણા વહે છે. એને ભગવાન ભાવના કહે છે. આત્મામાં એવી એકત્વભાવના તે અસ્તિરૂપ છે અને અન્યત્વભાવના નાસ્તિરૂપ છે. એવી એકત્વ-અન્યત્વ ભાવના તેઓ ભાવે છે.

ભગવાન ગૃહસ્થાશ્રમમાં પાંચમાં ગુણસ્થાને બાર ભાવના ભાવતા હતા. ઇન્દ્રને ચોથા ગુણસ્થાને જે આનંદ છે તેનાથી વિશેષ આનંદ તેમને હોય છે. નાળિયેરમાં ઉપરનાં છાલાં, કાચલી, રાતડ અને ધોળા ટોપરાનો ગોળો—એ બધું ભિન્ન ભિન્ન છે. તેમ ઔદારિક શરીર તે છાલાં સમાન છે, કાર્મણ શરીર તે કાચલી સમાન છે અને રાતડ તે વિકાર છે, તે ત્રણથી આત્મસ્વભાવ ભિન્ન છે. પોતાની નબળાઈથી આત્મામાં વિકાર થાય છે, તે ઝેર છે. નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગમાં લીનતા હોય છે ત્યારે હું શરીરમાં છું કે નહિ, હું તીર્થંકર છું કે નહિ વગેરે વિકલ્પ તરફનું લક્ષ હોતું નથી.

ચારિત્ર વિના કેવળજ્ઞાન નહિ અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોય નહિ. માટે ચારિત્ર લેવાની ભાવના ભાવે છે, એમાં અશુચિભાવના ભાવે છે. શરીર અશુચિમય છે પણ એના ઉપર દ્વેષબુદ્ધિ નથી. શરીર જડ છે, હું તો ચેતન છું, અનંતગુણનો પિંડ છું, એમાં લીન થતાં રાગ છૂટી જાય છે. ઉપયોગ આનંદમાં લાગતાં નિર્વિકલ્પદશા થાય છે.

દીક્ષાકલ્યાણકને તપકલ્યાણક કહેવાય છે. બહારની તપસ્યાની વાત નથી. આત્માનું પ્રતપત તે તપ. સોનામાં ગેરૂથી ચમક આવે છે, તેમ આત્મામાં ચમક ઉજ્જ્વળતા, ઝળક, ઉગ્રતા આવવી એનું નામ તપ છે. વર્તમાનમાં લોકો ચારિત્રને કઠિન માને છે, તે ચારિત્રને સમજતા નથી, મીણના દાંતે લોઢાના ચણા ચાવવા સમાન માને છે. તે ચારિત્રનો અનાદર કરે છે. ચારિત્ર તો આનંદની ઝળક છે. બહારથી કપડાં કાઢી નાખવા તે ચારિત્ર નથી. અંતર્લીનતાપૂર્વક આનંદનાં ઝરણામાં ડૂબી જવું તે ચારિત્ર અને તપ છે. ભગવાને તે તપ કર્યું હતું.

વિકલ્પ તે ચારિત્ર નથી. વિકલ્પના કારણે વસ્ત્ર છૂટે છે, એમ પણ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધને લોકો સમજતા નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-સહિત મુનિપણું હોય છે, તે સત્ય વૈરાગ્યપૂર્વક હોય છે. સ્ત્રીને મુનિપણું હોતું નથી. કોઈ કહે કે પહેલાં સાતમું ગુણસ્થાન આવે છે, પછી મુનિ થાય છે, તો એમ નથી. પાંચમાં ગુણસ્થાનમાં મુનિપણાનો વિકલ્પ આવે છે અને મુનિપણું લે છે અને પછી ધ્યાનમાં બેઠા પછી સાતમાં ગુણસ્થાને નિર્વિકલ્પદશા હોય છે. તે અપ્રમત્તદશા છે અને છઠ્ઠા ગુણસ્થાને પ્રમત્તદશા હોય છે. એ બન્ને દશા તે આત્માનો શુદ્ધ સ્વભાવ નથી.

શ્રી નેમિનાથ ભગવાન સૌરાષ્ટ્ર દેશમાં થયા છે. તેમણે શ્રાવણ સુદ ૬ના દિવસે ગિરનાર પર્વત ઉપર સહસ્રામ્રવનમાં દીક્ષા લીધી હતી. ભાવથી જે નગ્ન હોય તે દ્રવ્યથી પણ નગ્ન હોય છે. અહીંથી ગિરનાર લગભગ સાઠ ગાઉ દૂર છે, પણ અહીં તો દૂર હોય તેને પણ નજીક કહેલ છે. અહીં આમ્રવન છે તેમાં હજારો આંબા છે. કુદરતે સહજ આવી મળ્યું છે, કોઈ લાવતું નથી. દીક્ષા આત્માનો આનંદ છે. દીક્ષા દુઃખદાયક નથી. કષાયની અનુત્પત્તિ અને શાંતિની ઉત્પત્તિ તે પરિષહજય છે, તેમાં દુઃખ નથી. 'પહેલે સમયે રાગ આવ્યો તેને બીજે સમયે જીતવો એ પરિષહજય છે'—એમ કોઈ કહે છે તો એ વાત બરાબર નથી.

કુંદકુંદાચાર્ય આદિ સંતોએ જે વાત કરી છે તે ચૌદ બ્રહ્માંડમાં રજીસ્ટર થઈ ગઈ છે, તે ફરે એમ નથી. આનંદથી નહિ ખસવું તે પરિષહજય છે. ચારિત્ર આનંદદાયક છે. ભગવાન મુનિ થઈને વનમાં ચાલ્યા ગયા. વનમાં તેમને આનંદની કેરી પાકે છે. ત્યાં આનંદમાં મશગુલ હોય છે. માટે જે ચારિત્રને કષ્ટદાયક માને છે તેને દર્શન-જ્ઞાન-ચારિત્રની ખબર નથી. જંગલમાં રહેવું પડે, નગ્ન રહેવું પડે, ગરમી બહુ સહન કરવી પડે વગેરે. ચારિત્રમાં દુઃખ છે—એમ માનનાર ચારિત્રને સમજતો નથી. સ્વભાવમાં આચરણ કરવું તે ચારિત્ર છે. મુનિને અનેકવાર સાતમું ગુણસ્થાન આવી જાય છે. તેમને એક કલાક સળંગ નિંદ્રા પણ હોતી નથી. વધારે નિંદ્રા રહે તો છઠ્ઠું ગુણસ્થાન પણ રહેતું નથી. નિંદ્રા નથી માટે દુઃખ નથી. નિંદ્રા પ્રમત્તદશામાં હોય છે. જ્યારે નિર્વિકલ્પ આનંદદશા સાતમા ગુણસ્થાનની થાય છે, ત્યારે નિંદ્રા હોતી નથી. આત્માના કારણે શરીરની નગ્નદશા થાય છે એમ મુનિ માનતા નથી, તે તો નિમિત્તમાત્ર છે.

સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનના વિષયની જેને ખબર નથી, તેને સાચું ચારિત્ર હોય નહિ. આત્માના ભાનપૂર્વક સ્વરૂપલીનતા તે ચારિત્ર છે. તે પુરુષાર્થપૂર્વક થાય છે. રાગનો નાશ કરવો પડે છે, એમ નથી. રાગ, નિમિત્ત અને ભેદ તરફની દિશાને બદલીને અભેદ આત્મા તરફ ફેરવવી પડે છે.

(પંચકલ્યાણક મહોત્સવ દરમ્યાન કેટલાક હિંદી ભાઈઓની વિનંતી હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રીએ ત્રણ દિવસ કર્તા-કર્મ અધિકારની ગાથા ૭૧ ઉપર વ્યાખ્યાન કર્યું હતું.)

## શ્રી સમયસાર ગાથા ૭૧

(ચૈત્ર સુદ-૯, સોમ, ૨૩-૩-૫૩, સવારે)

આ સમયસાર ગ્રંથ છે. એના કર્તા-કર્મ અધિકારમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે વસ્તુના યથાર્થ સ્વભાવનું નિરૂપણ કર્યું છે. આત્મા પરપદાર્થનો કર્તા ત્રણ કાળમાં નથી. સત્ સમાગમે તત્ત્વજ્ઞાન કરવું જોઈએ. વાંચવાથી તત્ત્વજ્ઞાન થાય છે, એમ કહેલ નથી. શ્રી ધવલમાં પાઠ છે કે જે જીવને પ્રથમ સમ્યગ્દર્શન થાય છે તેને નિમિત્તરૂપે આત્મજ્ઞાન પરિણત જીવ હોય છે. સમ્યગ્જ્ઞાન પામવાની લાયકાતવાળા જીવને સમ્યગ્જ્ઞાની, નિમિત્ત હોય છે એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે.

પૂર્વભવમાં દેશનાલબ્ધિ સમ્યગ્જ્ઞાની પાસેથી મળી હોય અથવા તો વર્તમાનમાં પણ કોઈ જ્ઞાની પાસે સાંભળે તેને જ સમ્યગ્જ્ઞાન થાય છે. પણ કોઈ એમ કહે કે શાસ્ત્ર વાંચીને પણ સમ્યગ્જ્ઞાન થાય, તો એમ બને નહિ. અહીં કર્તા-કર્મ અધિકારમાં કહે છે કે પરદ્રવ્યની પર્યાય આત્મા કરી શકતો નથી. આત્મા પોતે કર્તા થઈને પોતાની પર્યાયમાં કામ કરી શકે છે. ભાષાનો કર્તા આત્મા નથી. ભાષાને બનાવવાવાળો પુદ્ગલ છે, આત્મા નથી. એવી રીતે શરીર, કર્મ આદિ આત્માથી ભિન્ન પદાર્થ છે. એની અવસ્થા આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. આત્મા છે તો શરીર ચાલે છે, આત્માએ રાગ કર્યો માટે કર્મ બંધાયા, એમ જે માને છે તે મિથ્યાદ્રષ્ટિ, પાખંડી, અજ્ઞાની મૂઢ, અધર્મી છે.

આત્મા મંદ કષાયનો ભાવ કરી શકે પણ પરદ્રવ્ય-શરીર, વાણી, કર્મ આદિમાં કાંઈ કરે એમ કદી બનતું નથી. ઘીનો ઘડો જેમ કહેવાય છે તેમ વ્યવહારથી આત્મા શરીર, કર્મ આદિનો કર્તા કહેવાય છે પણ ખરેખર પરદ્રવ્યનો કર્તા આત્મા ત્રણ કાળમાં વ્યવહારથી પણ નથી. અજ્ઞાની વિકારનો કર્તા થાય છે. વિકાર આત્મા કરે તો થાય છે. કર્મ વિકાર કરાવતું નથી એટલું નક્કી કર્યા પછી આ ગાથામાં જ્ઞાની તે વિકારનો પણ કર્તા નથી, એ વાત કહેવી છે.

જ્ઞાની પોતાની નિર્વિકારી પર્યાયનો કર્તા છે, એમ અહીં કહેવું છે. આત્મામાં આનંદની પર્યાયનું થવું, જ્ઞાનમાં અંશે વીતરાગીદશાનું થવું તે આત્માનું ભવન છે. સમ્યગ્દ્રષ્ટિ તેનો કર્તા છે.

વિકાર-રાગનો કર્તા જ્ઞાની નથી. અજ્ઞાની પોતાને રાગનો કર્તા માને છે. સંસારપર્યાય એક સમયની છે. બે સમયનો સંસાર નથી. તે સંસાર આત્માના સ્વભાવમાં નથી. ધર્મીની દ્રષ્ટિ નિમિત્ત ઉપર તો નથી પણ રાગ કે પર્યાય ઉપર પણ નથી. રાગ અને નિમિત્તની પ્રતીતિ છોડી તે સ્વભાવની પ્રતીતિ કરે છે. જ્ઞાનીનું કર્મ વીતરાગી પર્યાય છે. જ્ઞાની સમજે છે કે હું જ્ઞાતા ત્રિકાળ શુદ્ધ છું, એનાથી મારું સ્વનું ભવન થાય છે. स्वस्यभवनं स्वभावः રાગની પર્યાય આત્માનું કાર્ય નથી, વ્યવહાર રત્નત્રય આત્માનું કાર્ય નથી. એનો અર્થ એવો નથી કે એ કર્મના કારણે થાય છે. પોતાના કારણે વિકાર છે, એમ પહેલાં નક્કી કર્યા પછી તે વિકાર આત્માનો સ્વભાવ નથી, એમ નક્કી કરવું જોઈએ.

કોઈ કહે છે કે અહીં વ્યવહાર ઉથાપાય છે. પણ વ્યવહાર ઉથાપ્યા વિના નિશ્ચય થાય—એમ નથી. આત્મામાં વીતરાગી પર્યાય થઈ એ જ આત્માનું કર્મ (કાર્ય) છે. મંદકષાય  પણ આત્માનું ખરેખર કર્મ નથી, એમ સમજવું તે સમ્યગ્જ્ઞાન છે.

સમ્યગ્દ્રષ્ટિને શાંતિ ભાસે છે. આત્મા પોતાની વીતરાગી પર્યાયનો કર્તા છે. નિમિત્ત કે રાગનો કર્તા નથી. આત્મામાં વિકારી પર્યાય થાય છે, એના ઉપર જેની દ્રષ્ટિ છે તે પર્યાયબુદ્ધિ મિથ્યાદ્રષ્ટિ છે. તે ક્રોધાદિનો કર્તા છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપી છે. એની જેને અરૂચિ છે તે ક્રોધી છે. આત્માના સ્વભાવનો દ્વેષી છે તે ક્રોધી છે. જેને આત્માની રુચિ નથી પણ રાગ અને નિમિત્તની રુચિ છે તે જીવ આત્માનો વેરી છે. જેને આત્માની રુચિ છૂટી ગઈ છે અને વ્યવહાર રત્નત્રયની રુચિ થઈ છે તે ભગવાનનો વેરી તો છે પણ આત્માનો વેરી છે તેથી તેને અહીં ક્રોધી કહેલ છે, તેને મિથ્યાત્વ સહિતનો અનંતાનુબંધી ક્રોધ વર્તે છે.

## ગાથા-૭૧

**આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્માતણું,**
**જાણે વિશેષાંતર, તદા બંધન નહિ તેને થતું. ૭૧**

અર્થ : જ્યારે આ જીવ આત્માના અને આસ્રવોના તફાવત અને ભેદને જાણે ત્યારે તેને બંધ થતો નથી.

આચાર્યદેવ કહે છે કે આત્માની પર્યાયમાં જે વિકાર થાય છે તેનો કર્તા જે થાય છે તેને અનંતાનુબંધી માન થયા વગર રહેતું નથી. આત્માનું કાર્ય ન કર્યું તો મનુષ્યભવ મળ્યો તે ન મળ્યા બરાબર છે. માટે સમ્યગ્જ્ઞાન કરો. આત્મામાં મોક્ષમાર્ગ થાય છે, તે આત્માનું ભવન છે—કાર્ય છે. વ્યવહાર રત્નત્રય તે ખરેખર આત્માનું કાર્ય નથી.

વ્યવહાર તો રાગ છે. વ્યવહાર સમ્યગ્દર્શન તો અનંતવાર કર્યું છે. તત્ત્વાર્થસૂત્રમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ કહેલ છે. તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

વ્યવહાર કે નિમિત્તથી લાભ થાય એમ માને તે જીવ કપટી છે, દંભી છે. તે પોતાના આત્માને છેતરે છે. જ્ઞાનીને પોતાની પર્યાયમાં નબળાઈના કારણે ક્રોધાદિ થાય છે, છતાં પણ તેને પોતાના સ્વભાવની રુચિ છૂટતી નથી માટે તેને અનંતાનુબંધી કષાય નથી અને મિથ્યાદ્રષ્ટિ દ્રવ્યલિંગી મુનિ બહારમાં તપ-વ્રતાદિ પાળે, કષાય કરે નહિ એમ દેખાય છતાં તેને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ છે.

આત્માની પર્યાયમાં રાગ થાય છે તે વ્યવહાર જ્ઞેય છે, એમ જ્ઞાની જાણે છે. ચારિત્રમોહના કારણે રાગ થાય છે એમ જ્ઞાની માનતા નથી. અજ્ઞાની સ્યાદ્વાદ કરે છે કે કોઈ વખત વિકાર આત્મા કરે છે અને કોઈ વખત કર્મના કારણે થાય છે, પણ તે વાત સત્ય નથી. એ અનેકાંત નથી પણ એકાંત છે, મિથ્યાત્વ છે. સ્યાદ્વાદનું યથાર્થ સ્વરૂપ ગુરુગમ વગર સમજાય એવું નથી. સમ્યગ્દ્રષ્ટિ જીવને સ્વભાવબુદ્ધિ કદી પણ છૂટતી નથી અને અજ્ઞાની ત્યાગી થાય તો પણ તેને પર્યાયબુદ્ધિ છૂટતી નથી.

શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ

પ્રસાદ નં. ૧૭૦

# શ્રી મહાવીર જન્મકલ્યાણક દિન

(ચૈત્ર સુદ ૧૩, શનિવાર, ૨૮-૩-૫૩ સવારે)

(સ્ટાર ઓફ ઇન્ડિયા નામે ઓળખાતા બંગલામાં પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(પૂજ્ય ગુરુદેવશ્રીનો પરિવર્તન દિન)

આજે મહાવીર પરમાત્માનો જન્મકલ્યાણક દિવસ છે. જન્મદિવસ તો સાધારણ જીવોનો પણ કહેવાય છે પણ આ તો જન્મકલ્યાણક દિન છે. આજે ઘણા લોકો જૈનના નામે પ્રરૂપણા કરે છે કે ભગવાને દુનિયાના ઉદ્ધાર માટે જન્મ લીધો પણ એ વાત ખોટી છે. ભગવાનને આત્માનું ભાન હતું. તીર્થંકર થવા પહેલાંના ત્રીજા ભવમાં એ ભાનસહિતની ભૂમિકામાં એવો રાગ આવ્યો કે હું પૂર્ણ થાઉં ને જગતના જીવો ધર્મ પામો તેથી તીર્થંકર નામકર્મ બંધાયું. તીર્થંકરનું દ્રવ્ય જ અનાદિનું એ જ લાયકાતવાળું હોય છે. અંતર્ગત પર્યાયની શક્તિ જ એવી હોય છે. ભગવાને પરના કારણે અવતાર લીધો–એમ નથી અને ભગવાનનો અવતાર થયો માટે લોકોનું કલ્યાણ થયું છે–એમ નથી.

ભગવાન મહાવીરે જન્મ લીધો એનો અર્થ—એમના આત્માની પર્યાયની યોગ્યતા જ એવી હતી. શરીરનો સંબંધ મળ્યો એ જન્મ નથી. આત્માની પર્યાયનો ઉત્પાદ થયો તેને જન્મ કહેવાય છે. ભગવાનના આત્માનો જન્મ થતો નથી. આત્મા તો ત્રિકાળ ધ્રુવ છે. જગતમાં જે દ્રવ્યની જે પર્યાય થાય છે તે પોતાની યોગ્યતાથી થાય છે. મહાવીર પરમાત્માનો જીવ પોતાનાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતામાં વર્તતો હતો તે વખતે પોતાની નબળાઈના કારણે રાગ આવ્યો તેમાં તીર્થંકર નામકર્મ બંધાઈ ગયું હતું અને એ જીવ તીર્થંકર થવાની યોગ્યતાવાળો હતો, એ કારણે એમનો આત્મા તીર્થંકરપણે થયો છે. તીર્થંકરપણે થવાની લાયકાત તે દ્રવ્યમાં શક્તિરૂપે અનાદિકાળથી હતી. ધ્રુવપણે તો લાયકાત હતી પણ પર્યાયની લાયકાત થઈ એટલે હું પૂર્ણ થાઉં એવો વિકલ્પ આવ્યો. જગતના જીવો ધર્મ પામે એવી ભાવના પણ હતી. એમાં તીર્થંકર નામકર્મનો બંધ થયો હતો. તીર્થંકર

પ્રકૃતિનો ઉદય તો વીતરાગદશા થયા પછી આવે છે, કેવળજ્ઞાન થયા પછી ૐધ્વનિ છૂટે છે તે વાણીના નિમિત્તે જીવો પોતાની યોગ્યતાથી ધર્મ પામે છે.

ભગવાનની વાણી ધર્મમાં નિમિત્ત હોય છે. ધર્મવૃદ્ધિનું જે નિમિત્ત છે એવી વાણીમાંથી ધર્મની વૃદ્ધિ ન કરે અથવા ધર્મ પ્રગટ થવામાં નિમિત્ત ન બને તો તે ભગવાનની વાણીને સમજ્યો નથી.

અહો ભગવાન! તમો જગદીશ છો. જગદીશ તો એને કહેવાય કે જગતના જીવોની સંખ્યા વધારે પણ તારા અવતારે તો જગતના જીવો ઘટી જાય છે—એમ ઓલંભો કરે છે. હે નાથ! તારી વાણી જ્યારે નીકળે ત્યારે તેને સમજવાને લાયકાતવાળા જીવો ન હોય એમ બને નહિ. હે નાથ! આપે ઘણાને તાર્યા છે—તે ઉપચારનું કથન છે. ભગવાનની વાણી અને સમજનાર જીવ બન્ને ભિન્ન-ભિન્ન પદાર્થ છે અને ભિન્ન-ભિન્ન કામ કરે છે, તે જીવ પોતે સમજે ત્યારે ભગવાનની વાણીને નિમિત્ત કહેવાય છે. ભગવાનની વાણી આવી માટે સમજ્યો એમ માને તો આત્મામાં ક્ષણિક ઉપાદાન સ્વતંત્ર છે તેનો નાશ કરે છે, એટલે કે શ્રદ્ધામાં નાશ કરે છે તે મિથ્યાદ્રષ્ટિ છે. અજ્ઞાની સંયોગીદ્રષ્ટિથી જુએ છે અને જ્ઞાની સ્વભાવદ્રષ્ટિથી જુએ છે. બન્નેના રાહ જુદા છે, એક મોક્ષમાં જાય છે, બીજો નિગોદમાં જાય છે. આમ વસ્તુનું સ્વરૂપ છે.

જેમ જગતમાં કોઈ દ્રવ્યનો કોઈ અન્ય કર્તા નથી તેમ તે દ્રવ્યની પર્યાય દ્રવ્યનો અંશ છે તેનો કોઈ કર્તા નથી, એમ ભગવાનની વાણીમાં આવ્યું છે. ભગવાન તીર્થંકરનો જન્મકલ્યાણક દિન ઇન્દ્રો પણ ઊજવે છે. એ દિવસ આજનો છે. શરીરમાં ભગવાન જન્મ્યા એ તો વ્યવહાર છે, આયુષ્યના કારણે આવ્યા તે પણ વ્યવહાર છે. ખરેખર ભગવાન આત્માની પર્યાયની યોગ્યતાને કારણે આવ્યા છે, તે સત્ય છે. માતાની કૂખે ભગવાન આવતા પહેલાં ઇન્દ્રના જ્ઞાનમાં આવ્યું કે છ મહિના પછી ભગવાન ત્રિશલાદેવીની કૂખે જવાના છે. ક્રમબદ્ધ પર્યાય ન હોય તો એ જ્ઞાન થાય નહિ. પર્યાય ક્રમબદ્ધ થાય છે એમ એ સિદ્ધ કરે છે. ક્રમબદ્ધનો નિર્ણય કર્યા વિના ત્રણ કાળમાં સમ્યગ્જ્ઞાન થાય એમ નથી.

શ્રી સમયસાર કળશ ૬૨ માં કહેલ છે :

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।

परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ।।

ભગવાનને જન્મ લીધા પહેલાં જ્ઞાનનો નિર્ણય હતો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન અને આત્મા અભેદ છે. ભગવાનની વાણીમાં નીકળ્યું હતું કે જ્ઞાન તે જ આત્મા છે. તે જ્ઞાન બીજાનું શું કરે? જ્ઞાન જાણે છે તેને બદલે પરભાવનો કર્તા આત્મા છે એમ માનવું તે વ્યવહારીજનોની મૂઢતા છે.

ભગવાન ત્રિશલાની કૂખે પોતાની યોગ્યતાથી આવ્યા. પૂર્વે તેમને તીર્થંકર નામકર્મ બંધાયું ત્યારે પણ ભગવાને જાણ્યું હતું કે હું જાણવાવાળો છું અને આત્મા મારું જ્ઞેય છે. એમ નિર્ણય કર્યો ત્યારે જે રાગ હતો તેને વ્યવહારે જાણ્યો કહેવાય છે. સ્વજ્ઞેયને જાણ્યા વિના રાગના જ્ઞાનને વ્યવહાર પણ કહેવાતો નથી. ખરેખર  રાગને જ્ઞાન જાણતું નથી. સ્વને જાણતાં રાગ જણાઈ જાય છે, એવો જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. પોતાની માન્યતા પ્રમાણે દેવ-ગુરુ-શાસ્ત્રને ખતવે છે. રાગ છે તો જ્ઞાન છે અને જ્ઞાન છે તો રાગ છે—એમ નથી. જ્ઞાન જ્ઞાનથી છે. એવો નિર્ણય થયો તે સમ્યગ્જ્ઞાન છે. ત્યારે રાગ અને નિમિત્તને જાણવું તે વ્યવહાર છે. જે જ્ઞાનમાં રાગને જ્ઞાનમાં રહીને જાણવાની તાકાત થઈ નથી તે રાગને જાણે છે એવો વ્યવહાર પણ લાગુ પડતો નથી. એક જ્ઞાનમાં છ કારક સ્વતંત્રપણે છે. ચારિત્રગુણની પર્યાયમાં જે રાગ આવ્યો તેને જાણવાની તાકાત જ્ઞાનની છે. એવા જ્ઞાનપૂર્વક ભગવાનનો જન્મ થયો હતો. જે વખતે ભગવાન માતાની કૂખમાં આવ્યા ત્યારે પણ તેમને રાગનું, નિમિત્તનું અને સ્વનું જ્ઞાન પૃથક્-પૃથક્ છે.

આજના દિવસે ઘણા લોકો અનેક પ્રકારથી ખોટી પ્રરૂપણા કરે છે કે ભગવાને હિંસા અટકાવી, કંઈક જીવોનો ઉદ્ધાર કર્યો, આ બધા નિમિત્તના કથન છે. પણ વસ્તુનું સ્વરૂપ એવું નથી. ભગવાને કોઈને તાર્યા નથી, ભગવાને હિંસા અટકાવી નથી, ભગવાને પરનાં કામ કર્યા નથી. એ વાત સત્ય છે. જીવો પોતાના કારણે સમજે છે, હિંસા હિંસાના કારણે અટકે છે, એ બધામાં ભગવાન નિમિત્તમાત્ર છે. ભગવાનના કારણે પરમાં કાંઈ થયું નથી. નિર્ગ્રંથ મુનિ નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હતા, એમાં વિકલ્પ આવ્યો કે હે ભગવાન! તારા ચરણકમળના પ્રસાદથી અમે તર્યા છીએ. તમોએ અમારો ઉદ્ધાર કર્યો. જુઓ! એ બધું નિમિત્તનું કથન છે,

પોતાની પર્યાયની લાયકાત વગર ભગવાન ઉદ્ધાર કરી શકતા નથી. લોકોમાં કહેવત છે કે જણનારીમાં જોર ન હોય તો સૂયાણી શું કરે? એમ પોતામાં સમ્યગ્દર્શન પ્રગટ કરવાની તાકાત ન હોય તો ભગવાન શું કરે? નિમિત્તના કારણે ઉદ્ધાર થતો હોય તો એક જ તીર્થંકર થતાં બધા તરી જવા જોઈએ, પણ એમ બનતું નથી. છતાં ભગવાને અનંત જીવોને તાર્યા એમ કહેવાય છે. સંખ્યાત મનુષ્યો હોય છે તે બધા તરતા નથી છતાં ભગવાનને અનંતના તારણહાર કહેવાય છે એવા ભગવાનનો જન્મ કલ્યાણકારી છે. જેણે આત્માનું ભાન કર્યું નથી એવા જીવોનો અવતાર ગલુડિયાં જેવો છે.

ભગવાન એ જ ભવમાં મોક્ષ જાય છે. વળી ભગવાનના પુણ્ય પણ ઊંચા હોય છે. તેમનાં પુણ્ય અને પવિત્રતા ઉત્કૃષ્ટ હોય છે. ઇન્દ્ર જ્યારે જાણે છે કે ભગવાનનો જન્મ થયો છે ત્યારે સિંહાસન ઉપરથી તે નીચે ઉતરી જાય છે અને ભગવાનને નમસ્કાર કરે છે. ભગવાનનું શરીર તો બાળક છે, પોતે ઇન્દ્ર છે, ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ છે. છતાં ભક્તિભાવ ઉલ્લસી ગયો છે અને કહે છે કે અહો! ત્રણ લોકના નાથને અમારા નમસ્કાર હો! ભગવાન જન્મે અને સમજનાર ન હોય એમ બને નહિ અને લોકોની પાત્રતા પ્રગટે અને ભગવાનનો જન્મ ન હોય એમ પણ ન બને છતાં ભગવાન જીવોને તારે છે. એમ નથી. ભગવાનને પણ ભગવાનપણું પોતામાં શક્તિરૂપે હતું તેમાંથી પ્રગટ થયું છે. ભગવાને ઢંઢેરો પીટ્યો કે તારામાં પણ એવી શક્તિ છે, તું ઓશિયાળો નથી, તારે કોઈની મદદની જરૂર પડે—એમ નથી.

ભગવાનને સમજનાર એમ માને કે ભગવાને તો પોતામાં શક્તિરૂપ ભગવાનપણું હતું તે પર્યાયમાં સ્વતંત્રપણે પ્રગટ કર્યું છે અને ભગવાને અહિંસા તો પોતાની પર્યાયમાં કરી છે, પરમાં કરી નથી. શાંતિરૂપ આત્મા છે; વર્તમાન પર્યાયમાં અશાંતિ છે તે મારું સ્વરૂપ નથી એવું ભાન કરવું તે અહિંસા છે. રાગનું જ્ઞાન તે વ્યવહાર છે અને સ્વનું જ્ઞાન તે નિશ્ચય છે—એમ જાણવું તે જન્મકલ્યાણક મહોત્સવ છે.

## ચૈત્ર સુદ-૧૪, રવિવાર, તા. ૨૯-૩-૫૩

(શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક, પૃષ્ટ ૨૪૩)

વ્યવહારાભાસનો અધિકાર ચાલે છે. જેને તત્ત્વજ્ઞાન નથી તેનું આચરણ પણ યથાર્થ હોતું નથી. જૈનમતમાં તો એવો ક્રમ છે કે પહેલાં તત્ત્વજ્ઞાની થાય અને પછી જેનો ત્યાગ કરવો છે એના દોષને ઓળખે અને દોષનો નાશ થવાથી જે ગુણ પ્રગટે છે તેને પણ બરાબર જાણે. ભગવાનની વાણીમાં એવો ઉપદેશ આવ્યો છે કે પહેલાં આત્મજ્ઞાન એટલે તત્ત્વજ્ઞાન હોવું જોઈએ. પરથી લાભ થાય, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય અને રાગ કર્મથી થાય એવો ઉપદેશ ભગવાને આપ્યો નથી. રાગનું કારણ કર્મ અને નિશ્ચય રત્નત્રયનું કારણ વ્યવહાર રત્નત્રય છે એમ માને તો એનો અર્થ એવો થયો કે નિશ્ચય રત્નત્રય પણ કર્મના કારણે થાય છે. આવું માનનાર વ્યવહારાભાસી મિથ્યાદ્રષ્ટિ છે, તેનું આચરણ બધું ખોટું હોય છે.

સમયસાર નાટક પૃ. ૩૫૧ માં કહ્યું છે કે—આત્મામાં વિકાર થાય છે તે પરિણામમાં કોઈની સહાયતા નથી. છએ દ્રવ્યો પોતપોતાના પરિણામ કોઈની સહાય વિના કરી રહ્યા છે. કોઈ કર્મ પ્રેરક થઈને આત્માને વિકાર કરાવતું નથી. દ્રવ્યકર્મથી ભાવકર્મ થાય છે—એમ નથી. અને રાગથી વીતરાગતા થાય—એમ પણ નથી. માટે તત્ત્વજ્ઞાન વિના વ્રત-તપાદિ કરે તો તે બાળવ્રત ને બાળતપ છે. માટે માત્ર વર્તમાન પરિણામના ભરોસે પ્રતિજ્ઞા લે નહિ, પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને પ્રતિજ્ઞા લે છે. આત્મામાં મુનિપણાનો પુરુષાર્થ હોય નહિ. શરીરની સ્થિતિ પણ તેવી હોય નહિ અને ત્યાગ કરી બેસે તો આર્તધ્યાન થાય. જ્ઞાની પોતાની શક્તિનો વિચાર કરીને પ્રતિજ્ઞા લે છે. પ્રતિજ્ઞા પ્રત્યે નિરાદરભાવ થાય નહિ અને ચઢતાભાવ રહે એવી પ્રતિજ્ઞા લે છે. આવો જૈનધર્મનો ઉપદેશ છે અને જૈનધર્મની આમ્નાય પણ આવી છે. એમ બે પ્રકાર કહેલ છે.

અત્યારે તો પ્રતિજ્ઞાભંગ ઠેર-ઠેર દેખાય છે. ક્ષુલ્લક અને મુનિપણાની પ્રતિજ્ઞા લે છે પણ ઉદ્દેશિક અને આધાકર્મી આહાર લે છે, એમને માટે મોસંબીના પાણી, કેળા વગેરે લાવવામાં આવ્યા હોય તે લે છે. જૈનધર્મમાં એવો ઉપદેશ નથી. વીતરાગના માર્ગમાં તો નિર્વાહ કરી શકે એવી પ્રતિજ્ઞા લેવાનું કહ્યું છે. પોતાના પરિણામને જોઈને પ્રતિજ્ઞા લે છે.

પ્રશ્ન : ચાંડાલાદિકોએ પ્રતિજ્ઞા કરી તેમને આટલો બધો વિચાર ક્યાં હોય છે?

ઉત્તર : મરણપર્યંત કષ્ટ થાઓ તો ભલે થાઓ પરંતુ પ્રતિજ્ઞા ન છોડવી એવા વિચારથી તે પ્રતિજ્ઞા કરે છે, પરંતુ પ્રતિજ્ઞામાં તેમને નિરાદરપણું નથી. આત્માના ભાન વિના પણ જે કોઈ પ્રતિજ્ઞા લે તે પણ મરણપર્યંત કષ્ટ આવે તો પણ પ્રતિજ્ઞા છોડતા નથી અને તેમને પ્રતિજ્ઞાનો આદર છૂટતો નથી. આ વ્યવહારાભાસ મિથ્યાદ્રષ્ટિની પ્રતિજ્ઞાની વાત કરી. તે કષાયની મંદતારૂપ ચઢતા પરિણામ રહે તેવી રીતે પ્રતિજ્ઞા લે છે તે તત્ત્વજ્ઞાનપૂર્વક જ કરે છે. પોતાના પરિણામ જોઈને પ્રતિજ્ઞા લે છે એ પણ પ્રતિજ્ઞાભંગ થવા દેતો નથી. હવે સમ્યગ્દ્રષ્ટિની વાત કરે છે. જ્ઞાની પ્રતિજ્ઞા લે છે તે તત્ત્વજ્ઞાનપૂર્વક જ કરે છે. પોતાના પરિણામ જોઈને પ્રતિજ્ઞા લે છે. તે વિચારે છે કે મારી પર્યાયમાં વર્તમાનમાં તુચ્છતા વર્તે છે. મારા પરિણામ આગળ વધતા નથી. દ્રવ્યથી પ્રભુ છું પણ પર્યાયથી પામર છું એનું બરાબર જ્ઞાન કરે છે.

આત્મદ્રવ્ય ત્રિકાળ શુદ્ધ છે. એના આશ્રયે સમ્યગ્દર્શનરૂપ શુદ્ધ પર્યાય તો પ્રગટ થઈ છે પણ હજુ ઉગ્ર પુરુષાર્થપૂર્વક રાગનો સર્વથા અભાવ થયો નથી એટલે કે અશક્તિ છે. દ્રવ્યનો પૂર્ણ આશ્રય થયો નથી. પર્યાયમાં પામરતા છે અને એથી નિમિત્તનું લક્ષ સર્વથા છૂટ્યું નથી. એવી રીતે પર્યાયનું જ્ઞાન કરીને પ્રતિજ્ઞા લે છે. દ્રષ્ટિમાં દ્રવ્યનું આલંબન છૂટી જાય તો મિથ્યાદ્રષ્ટિ થઈ જાય અને પર્યાયમાં નિમિત્તનું આલંબન સર્વથા છૂટી જાય તો કેવળજ્ઞાન થઈ જાય. સાધકને દ્રષ્ટિ અપેક્ષાએ દ્રવ્યનું આલંબન કદી છૂટતું નથી અને પર્યાયમાં પામરતા છે એટલે સર્વથા નિમિત્તનું આલંબન પણ છૂટ્યું નથી, માટે જ્ઞાની તત્ત્વજ્ઞાનપૂર્વક જ પ્રતિજ્ઞા લે છે. પરદ્રવ્ય કાંઈ કરે છે એ વાત તો છે જ નહિ. અહીં તો ત્રિકાળી દ્રવ્ય અને વર્તમાન પર્યાય બેની વાત છે. પર્યાયમાં દયાનો રાગ આવે તો એ પ્રકારના નિમિત્ત ઉપર લક્ષ જાય છે. પરનું આલંબન છૂટતું નથી. એનો અર્થ પર નિમિત્તના કારણે રાગ થયો છે—એમ નથી. જે જે પ્રકારનો રાગ થાય છે તે તે પ્રકારના નિમિત્તો ઉપર લક્ષ જાય છે પણ એ નિમિત્તોને કારણે રાગ થયો છે—એમ નથી.

નોરતામાં ભૂવો ડાકલું વગાડે છે, તેની દોરી એક હોવા છતાં તે બંને બાજુ એ વાગે છે. તેમ જ્ઞાનીને દ્રષ્ટિની અપેક્ષાએ દ્રવ્યનું આલંબન હોય છે અને પર્યાયની અપેક્ષાએ નિમિત્તનું આલંબન લે છે. આમ સાધકદશામાં બે

પ્રકાર પડે છે. દ્રવ્ય-પર્યાયના જ્ઞાન વિના વ્રત-પ્રતિજ્ઞા લઈ લે તો તે યથાર્થ આચરણ નથી. જ્ઞાનીની કોઈ નિંદા કરે તો તેનું પણ તે જ્ઞાન કરે છે અને અલ્પ રાગ-દ્વેષ થાય છે તેને પણ તે બરાબર જાણે છે. સહજ પરિણામ થાય એવી પ્રતિજ્ઞા જ્ઞાની લ્યે છે.

હવે કહે છે કે જેને અંતરંગ વિરક્તતા નથી થઈ અને બાહ્યથી પ્રતિજ્ઞા ધારણ કરે છે તે પ્રતિજ્ઞા લીધા પહેલા અને પછી આસક્ત રહે છે. ઉપવાસની પ્રતિજ્ઞા લેવા પહેલાં ધારણામાં આસક્ત થઈને આહાર લે છે અને ઉપવાસ પૂરો થાય એટલે મિષ્ટાન્ન ખાય છે અને ઉતાવળ પણ ઘણી કરે છે. જેમ જળને રોકી રાખ્યું હતું તે જ્યારે છૂટ્યું ત્યારે ઘણો પ્રવાહ વહેવા લાગ્યો તેમ આણે પ્રતિજ્ઞાથી વિષયવૃત્તિ રોકી પણ અંતરંગમાં આસક્તતા વધતી ગઈ અને પ્રતિજ્ઞા પૂરી થતાં જ અત્યંત વિષયપ્રવૃત્તિ થવા લાગી એટલે એને ખરેખર પ્રતિજ્ઞાના કાળમાં પણ વિષયવાસના છૂટી નથી તથા આગળપાછળ ઊલટો રાગ વધારે હોય છે. પણ ફળ તો રાગભાવ મટતાં જ થાય છે માટે જેટલો રાગ ઘટ્યો હોય એટલી જ પ્રતિજ્ઞા કરવી. મહામુનિ પણ થોડી પ્રતિજ્ઞા કરી પછી આહારાદિમાં ઘટાડો કરે છે અને જો મોટી પ્રતિજ્ઞા કરે છે તો પોતાની શક્તિ વિચારીને કરે છે માટે પરિણામમાં ચઢતા ભાવ રહે તથા આકુળતા ન થાય એમ કરવું તે કાર્યકારી છે.

વળી જેને ધર્મ ઉપર દ્રષ્ટિ નથી તે કોઈ વેળા તો મોટો ધર્મ આચરે છે, ત્યારે કોઈ વેળા અધિક સ્વચ્છંદી થઈ પ્રવર્તે છે. જેમ દશલક્ષણપર્વમાં દશ ઉપવાસ કરે અને બીજા દિવસોમાં એક પણ ઉપવાસ કરે નહિ. હવે જો ધર્મબુદ્ધિ હોય તો સર્વ ધર્મપર્વોમાં યથાયોગ્ય સંયમાદિ ધારણ કરે પણ એનો મિથ્યાદ્રષ્ટિને વિવેક હોતો નથી. તેને વ્રત, તપ, દાન પણ સાચાં હોતાં નથી. અહીં તો અજ્ઞાનીને વિકલ્પ કેવો આવે એની વાત કરે છે. માન મળે તેમાં પૈસા ખર્ચે, મકાનમાં તખતી મૂકો તો વધારે રૂપિયા આપું એમ કહેનાર જીવને ધર્મબુદ્ધિ નથી, રાગ ઘટાડવાનું એને પ્રયોજન નથી.

વળી કોઈ વેળા કોઈ ધર્મકાર્યોમાં ઘણું ધન ખર્ચે, ત્યારે કોઈ વેળા કોઈ કાર્ય આવી પડે તો ત્યાં થોડું ધન પણ ન ખર્ચે. જો તેને ધર્મબુદ્ધિ હોય તો યથાશક્તિ સર્વ ધર્મકાર્યોમાં યથાયોગ્ય ધન ખર્ચ્યા કરે, એ પ્રમાણે અન્ય પણ જાણવું. અજ્ઞાનીને ધન ખર્ચવાનો પણ વિવેક હોતો નથી. ઉશ્કેરણીથી ધન ખર્ચ કરે છે. પણ જો ધર્મબુદ્ધિ હોય તો પોતાની શક્તિ પ્રમાણે બધાં

ધર્મકાર્યોમાં યથાયોગ્ય પૈસા આપ્યા વિના રહે નહીં. જેમ દીકરીને પરણાવવી હોય તો કાંઈ ખરડો કરવા ન જાય, પણ પોતાના ઘરમાંથી પૈસા કાઢે છે. મકાન બનાવવું હોય તો ખરડો કરે નહિ—એમ જેને ધર્મબુદ્ધિ હોય તે ધર્મના બધા કાર્યોમાં યથાશક્તિ ધન ખર્ચે છે. તેને એવા પરિણામ હોય છે.

તત્ત્વજ્ઞાનપૂર્વક વ્રત, તપ અને દાન હોવા જોઈએ—એ ત્રણ વાત કરી. એ પ્રમાણે જે જે કાળે જે જે પ્રકારનો રાગ હોય તે તે પ્રકારે જ્ઞાનીને વિવેક હોય છે, એમ સમજવું.

વળી જેને સાચા ધર્મની દ્રષ્ટિ નથી, તેને સાચું સાધન પણ નથી. બહારથી લક્ષ્મીનો ત્યાગ કર્યો હોય પણ વસ્ત્રાદિથી મોહ છૂટ્યો ન હોય. સુંદર કપડાં જોઈએ. મખમલના જોડા અને મખમલનો કોટ પહેરે તો તે ત્યાગ મેળ વગરનો છે. બહારથી ત્યાગ કર્યો હોય ને સટ્ટાનો ધંધો કરે તો જગતને ઠગવા માટે વેષ લીધો હોય છે. પોતે તો ત્યાગી હોય પણ બીજાને લક્ષ્મી પ્રાપ્ત કરવા માટે ફીચરના ભાવ કહે તે તો ધર્મમાં કલંકરૂપ છે, એણે તો ખરેખર લક્ષ્મીનો ત્યાગ કર્યો નથી પણ લાભાંતરાયના કારણે લક્ષ્મી આવી નથી. પોતે ત્યાગી થાય અને માતા-પિતા માટે ખરડો કરાવે તે પણ ત્યાગી નથી.

કોઈને ખરડામાં અમુક રકમ નોંધાવવા માટે કહેવું તે પણ ત્યાગીને માટે શોભનીય નથી. સાચો ત્યાગ હોય તો પોતાના પરિણામને જુએ . એક સાધુ કહે કે મારે અમુક રૂપિયા જોઈએ છે. આવી રીતે સાધુ થઈને માગણી કરવી તે ધર્મની શોભા નથી. નિઃસ્પૃહપણે ત્યાગ હોવો જોઈએ. મુનિને યાચના હોય નહિ. પુરુષાર્થસિદ્ધિઉપાય શ્લોક ૨૦૦માં કહેલ છે કે જેટલું મુનિને આચરણ હોય છે એનો અંશ શ્રાવકને પણ હોવો જોઈએ, તો ધર્મ શોભે છે. જ્ઞાની પોતાની શક્તિ પ્રમાણે ત્યાગ કરે છે.